ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલીફોન : ૨૬૩૦૧૩૪૧–૨૬૩૦૦૩૪૨–૪૩
૨૬૩૦૦૧૨૬ અને ૨૬૩૦૦૬૬૪
ટેલીગ્રામ : યુનિ.ગુજરાત

FAX : (079) 26302654 & 26306194
Phone : 26301341-26300342-43, 26300126 & 26300664
Gram : UNIGUJARAT

# ગુજરાત યુનિવર્સિટી
# GUJARAT UNIVERSITY

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય
પોસ્ટ બોક્ષ નં ૪૦૧૦
નવરંગપુરા, અમદાવાદ–૩૮૦ ૦૦૯.

OFFICE OF THE GUJARAT UNIVERSITY
POST BOX NO.4010, NAVRANGPURA
AHMEDABAD-380 009.

નં.GUAC / ૬૯૪૨ /૨૦૨૪ Date : ૧૮.૦૭.૨૦૨૪

પ્રતિ,
આચાર્યશ્રી/વિભાગીય વડાશ્રી/અધ્યક્ષશ્રી,
ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કોલેજ/યુનિ ભવનો/પીજી કેન્દ્રો તરફ......

વિષય : **GCAS મારફત પ્રવેશની કાર્યવાહી સુચારૂરૂપે કરવા બાબત.**

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, તા.06/07/2024ને શનિવારના રોજ સાંજે 4.00 કલાકે માન. અગ્રસચિવશ્રી, (શિક્ષણ વિભાગ, ગુજરાત રાજ્ય)ની અધ્યક્ષતામાં તથા માન. નિયામકશ્રી (ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગર), શ્રી મહેશભાઈ ગોહિલ (CEO, GIPL)ની ઉપસ્થિતિમાં રાજ્યની 15 સરકારી યુનિવર્સિટીઓના કુલપતિશ્રીઓની યોજાયેલ ઓનલાઈન મિટિંગમાં સર્વે કુલપતિશ્રીઓની અનુમતિ સાથે થયેલ નિર્ણયો અનુસાર GIPL દ્વારા યુનિવર્સિટી-કોલેજના GCAS પોર્ટલ લોગ-ઇનના Allotment Menu માં નીચે મુજબના ફોર્મ્સ તૈયાર કરવામાં આવ્યા છે. તેને વંચાણે લઈ યુનિ. દ્વારા નીચે મુજબની પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવા આથી જણાવવામાં આવે છે.

| ક્રમ | ફોર્મ | નોંધ |
|---|---|---|
| ૧ | Edit Applicant Basic Details | વિદ્યાર્થીએ જે કોલેજમાં પ્રવેશ મેળવ્યો હશે તે કોલેજ દ્વારા વિદ્યાર્થીના અસલ ડોક્યુમેન્ટ્સની ચકાસણી કરી નીચે દર્શાવેલ ફિલ્ડ્સમાં જો કોઈ ભૂલ હોય તોસુધારી શકાશે:<br>(૧) વિદ્યાર્થીનું નામ, (૨) જન્મ તારીખ (૩) જેન્ડર<br>(૪) વિદ્યાર્થીની કેટેગરી, (૫) વિદ્યાર્થીની દિવ્યાંગતા<br>(૬) HSC / સ્નાતક સીટ નંબર, (૭) પાસીંગ મહિનો અને વર્ષ<br>(૮) એડમિશન અલોટેડ કેટેગરી |
| ૨ | Edit Applicant Admission Details | વિદ્યાર્થીએ રજીસ્ટ્રેશન ફોર્મમાં દર્શાવેલ ચોઈસ અને કોલેજ દ્વારા આપવામાં આવેલ પ્રવેશ માં વિસંગતતા / અલગ હોઈ તો તેવા વિદ્યાર્થીને ક્રમ નંબર ૫ માં દર્શાવ્યા મુજબ પ્રવેશ રદ્દ કરવાનો રહેશે ત્યારબાદ ક્રમ નંબર ૩ મુજબ ફરી પ્રવેશ આપી શકાશે |

ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલીફોન : ૨૬૩૦૧૩૪૧–૨૬૩૦૦૩૪૨–૪૩
૨૬૩૦૦૧૨૬ અને ૨૬૩૦૦૬૬૪
ટેલીગ્રામ : યુનિ.ગુજરાત

FAX : (079) 26302654 & 26306194
Phone : 26301341-26300342-43,
26300126 & 26300664
Gram : UNIGUJARAT

# ગુજરાત યુનિવર્સિટી
# GUJARAT UNIVERSITY

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય
પોસ્ટ બોક્ષ નં ૪૦૧૦
નવરંગપુરા, અમદાવાદ–૩૮૦ ૦૦૯.

OFFICE OF THE GUJARAT UNIVERSITY
POST BOX NO.4010, NAVRANGPURA
AHMEDABAD-380 009.

| ક્રમ | ફોર્મ | નોંધ |
|---|---|---|
| 3 | Direct Admission Confirmation | એવા વિદ્યાર્થી કે જેમણે GCAS પોર્ટલ મારફત ઓનલાઈન અરજી કરેલ છે અને કોલેજ તેમના પ્રવેશના નિયમોને આધિન આવા વિદ્યાર્થીઓને સીધો પ્રવેશ ફાળવવા ઈચ્છતા હોય તો તેવા વિદ્યાર્થીઓને GCAS Application No. દાખલ કરી વિદ્યાર્થીના મોબાઇલમા આવેલ OTP દ્વારા સીધો પ્રવેશ ફાળવી શકાશે. |
| ૪ | Admission Confirmation (Manual) | એવા વિદ્યાર્થી કે જેમણે GCAS પોર્ટલ મારફત ઓનલાઈન અરજી કરેલ નથી અને કોલેજ તેમના પ્રવેશના નિયમોને આધિન આવા વિદ્યાર્થીઓને સીધો પ્રવેશ ફાળવવા ઈચ્છતા હોય તો તેવા વિદ્યાર્થીની જરૂરી વિગતો કોલેજ દ્વારા રૂપિયા ૩૦૦/- રજીસ્ટ્રેશન ફી લઈને દાખલ કરી વિદ્યાર્થીના મોબાઇલમા આવેલ OTP દ્વારા સીધો પ્રવેશ ફાળવી શકાશે.આવા વિદ્યાર્થીઓના રજીસ્ટ્રેશન નંબર અને નામ સાથેની યાદી અને રજીસ્ટ્રેશન ફી તા.૦૫/૦૮/૨૦૨૪ સુધીમાં ઓફિસ સમય દરમ્યાન GUAC ખાતે જમા કરવવાની રહેશે. |
| ૫ | Cancellation Module | વિદ્યાર્થીની અરજીના આધારે જે તે કોલેજ વિદ્યાર્થીનો પ્રવેશ તા: ૩૦/૦૭/૨૦૨૪સુધી રદ્દ કરી શકશે. |

ઉપરોક્ત મુજબના ફોર્મ્સ માત્ર કોલેજોના લોગ-ઇનમાં ઉપલબ્ધ કરવામાં આવેલ છે. જેથી GCAS પોર્ટલ પર પ્રવેશની કાર્યવાહી તેમજ યુજી એનરોલમેંટ / પીજી રજીસ્ટ્રેશનની કામગીરી સુચારુરૂપે થઇ શકે.

આભાર,

-sd-

કુલસચિવ